જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
:- suratdeo@gm...
web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૪/ 14310

તા.૦૮/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- "વિકાસ સપ્તાહ" -૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે "ભારત વિકાસ પ્રતિજ્ઞા"ગ્રહણ કરવા બાબત.
સંદર્ભ:- સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં:GAD/AW/e-file/1/2024/5639/ARTD-2 તા.૦૭/૧૦/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો પત્ર અન્વયે ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલના ભાગરૂપે સરકારશ્રી દ્વારા સમગ્ર રાજયમાં " વિકાસ પ્રતિજ્ઞા" તા.૦૮/૧૦/૨૦૨૪ના રોજ ગ્રહણ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:-ઉપર મુજબ

GAD/AWR/e-file/1/2024/5639/ARTD-2
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૧૦/૨૦૨૪

પ્રતિ,

સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,
સર્વે જિલ્લા કલેક્ટરશ્રી,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

**વિષય:** "વિકાસ સપ્તાહ"–૨૦૨૪ ની ઉજવણીના ભાગરૂપે "ભારત વિકાસ પ્રતિજ્ઞા" ગ્રહણ કરવા બાબત..

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

૨. "વિકાસ સપ્તાહ"–૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં "ભારત વિકાસ પ્રતિજ્ઞા" ગ્રહણ કરવા નીચે મુજબના દિવસો નિયત કરેલ છે.

સચિવાલય અને રાજ્યકક્ષાની કચેરીઓ– તા. ૮/૧૦/૨૦૨૪, સવારે ૧૧ વાગે
જિલ્લા કક્ષા – તા. ૮/૧૦/૨૦૨૪, સવારે ૧૧ વાગે
તાલુકા કક્ષા–તા. ૯/૧૦/૨૦૨૪, સવારે ૧૧ વાગે
ગ્રામ્ય કક્ષા– તા. ૧૦/૧૦/૨૦૨૪, સવારે ૧૧ વાગે

૨. ઉપર્યુક્ત પ્રતિજ્ઞા સમયસર અચૂકપણે લેવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩. ઉપર્યુક્ત સૂચનાનું ચૂસ્તપણે અને યોગ્ય રીતે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોએ તેમના તાબા હેઠળના સર્વે ખાતાના વડા, કચેરીઓના વડા, બોર્ડ, કોર્પોરેશન તથા નિગમના વડાઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ડૉ. જયશંકર ઓધવાણી)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

**બિડાણ:** ભારત વિકાસ પ્રતિજ્ઞા

## ભારત વિકાસ પ્રતિજ્ઞા

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..

- મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.
- હું સ્વનો વિચાર કરતા પહેલા સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.
- હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.
- હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.
- જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.

જય હિન્દ... ભારત માતા કી જય....